GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

ज्ञान: अध्ययन: परम्परा

# સ્વરવિજ્ઞાન - નાદબ્રહ્મ નાં સિદ્ધાંતોનું વિશ્લેષણાત્મક અધ્યયન

**Dr. Hina Mori, Dr. Shagun Tuteja**

[1]Assistant Professor
(Lakulish Yoga University, Ahmedabad.)

[2]Assistant Professor
(Lakulish Yoga University, Ahmedabad.)

**સારાંશ**

*સર્વશક્તિમાન ભગવાનનો અનુભવ કરવા માટે સંગીતથી સારું અન્ય કોઈ માધ્યમ નથી, તેથી જ ધાર્મિક વિધિઓથી લઈને ઉપાસના પદ્ધતિઓ તેમજ કર્મકાંડ સુધી પૂજાના દરેક પાસમાં સ્વરોનું સંયોજન આવશ્યક રહ્યું છે. ધ્વનિ (અવાજ) નાં અભાવમાં ભાષાની કલ્પના કરી શકાતી નથી. આમ જોઈ શકાય છે કે વાતચીત, અર્થઘટન અને પ્રક્રિયામાં પણ સંગીતના મૂળભૂત નિયમોનું પાલન અનિવાર્ય છે. શ્રી રામશર્મા આચાર્ય શબ્દબ્રહ્મ, નાદબ્રહ્મમાં કહે છે કે, આંતરિક સ્ફુરણાઓને બ્રહ્મ સંગીત કહી શકાય તેનો ઉલ્લેખ અલંકારિક રીતે કૃષ્ણની વાંસળી, શંકરનો ડમરૂં અને સરસ્વતીની વીણા તરીકે કરવામાં આવે છે. વ્યુત્પત્તિશાસ્ત્રનાં દ્રષ્ટીકોણથી 'સ્વર' નો અર્થ શ્વાસનો અવાજ (ધ્વનિ) થાય છે અને 'યોગ' નો અર્થ જોડાણ અથવા સંયોજન થઇ શકે છે. પ્રાચીન ઋષિઓએ શ્વાસ લેવાની પ્રક્રિયાનાં માત્ર સુક્ષ્મ અવલોકન દ્વારા જ ખૂબ જ ઉપયોગી વિજ્ઞાન શોધી કાઢ્યું હતું. બોલાયેલા અવાજોના ભૌતિક ગુણધર્મો તેમના શારીરિક ઉત્પાદન, શ્રવણ, દ્રષ્ટી અને જ્ઞાનતંતુ, દ્રષ્ટિની શારીરિક પ્રક્રિયાઓ બહુ વ્યવહાર કરે છે. ભાષા અભ્યાસમાં 'સ્વરવિજ્ઞાન' વિશેષ મહત્વ છે. મંત્રોના ઉચ્ચારણની તાલ, લય અને ગતિ પણ નિર્ધારિત છે. ચોક્કસ ફ્રીકવન્સી પર વગાડવાથી જ ચોક્કસ શબ્દ (સ્ટેશન) સંભળાશે. આ રીતે લય, ગતિ અને તાલના ઉચ્ચારણથી જ મંત્ર સિદ્ધ થશે. પ્રાચીન સમયમાં મંત્રશક્તિનો, શબ્દશક્તિને વિભિન્ન પ્રકારની ઊર્જાઓ ઉત્પન્ન કરવા તથા પ્રકૃતિ પ્રયોજનો માટેનું ઉપર્યુક્ત માધ્યમ માનવામાં આવ્યું હતું. મનુષ્યનું શરીર અદ્ભુત યંત્ર સાધન છે. જેમાં પ્રકૃતિજગત અને ચેતનાજગતને પ્રભાવિત કરવા, સંપર્ક સાધવા અને આદાન-પ્રદાન માટે જરૂરી ક્ષમતા જોઈતા પરિમાણમાં મોજૂદ છે. યોગ અને તપ દ્વારા શરીર યંત્ર અને મન:તંત્રને એ રીતે સમર્થ- સુસંસ્કૃત બનાવી શકાય છે.*

● "હાર્વર્ડ વિશ્વવિદ્યાલયનાં પ્રો. વેરોલ વિલિયમ્સે સુવિસ્તૃત ક્ષેત્રમાં દીર્ઘકાલીન પર્યવેક્ષણ કરીને એ નિષ્કર્મ કાઢ્યો કે મનુષ્યની જીવનશક્તિને નષ્ટ કરવા અને અકાળે મૃત્યુનો કોળીયો બનાવવા માટે વિવશ કરવામાં કોલાહલનો બહુ મોટો હાથ છે."

(આચાર્ય- ૨૦૧૩)

બાઈબલ નામના ગ્રંથમાં લખ્યું છે, કે જેરિકોની ભૂંગળોનાં ધ્વનિથી એક સમગ્ર નગર નષ્ટ થઈ ગયું હતું. ઉત્સાહ અને પ્રેરણાના બે શબ્દ રણક્ષેત્રમાં જઈ રહેલા સૈનિકોમાં નવા પ્રાણ ફૂંકે છે.

ભારતીય ભાષામાં એ વિશેષતા છે કે આ ભાષાને બોલવાથી એક પ્રકારનો સુક્ષ્મ યૌગિક વ્યાયામ થતો ચાલે છે. એના કારણે જ ભાષાને 'દેવભાષા' કહેવામાં આવે છે. જેમ કે સ્વરો સંબંધી વિશેષતાઓ જોવા મળે છે. 'અ', 'આ', 'ઈ', 'ઇ', 'ઉ', 'ઊ', 'એ', 'ઔ', 'અં', અ:', આ પ્રકારે આ સ્વર શરીરનાં ઈત્યાદી મુખ્ય અંગોને સંચાલિત અને ઉતેજીત કરી લોહીને શુદ્ધ કરી સમત વિકારોને દૂર કરે છે,

➢ **સ્વરથી 'અક્ષર' ની અનુભૂતિ**

પુરાણોમાં એક આખ્યાયિકા આવે છે. નારદજીને સંકીર્તનનો ભારે શોખ છે. તે તો સર્વવિદિત છે. તેમને પ્રભુના ગુણગાન ગાવાનો અને નામ સંકીર્તનનો શોખ હોવા છતાં તેમણે શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન બહુ ન હતું. નારદમુનીએ એક વાર ભગવાન વિષ્ણુને એક પ્રશ્ન કર્યો " એવો કોઈ સરળ ઉપાય બતાવો જેનાથી ભક્તગણ આપ્યો સહજમાં જ આપની અનુભૂતિ કરી શકે. ત્યારે વિષ્ણુ ભગવાને જવાબ આપ્યો,

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

ज्ञान: अध्ययन: परम्परा

"नाहं वसामि वैकुंठे योगी कोना हृदये न वा |
मदभक्ता: यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ||"

- નારદ સંહિતા

હે નારદ ! હું વૈકુંઠમાં નથી રહેતો અને ન યોગીઓના હૃદયમાં, હું તો ત્યાં નિવાસ કરું છું, જ્યાં મારા ભક્તજન કીર્તન કરે છે. અર્થાત્ પરબ્રહ્મ પરમાત્માની અનુભૂતિ માટે સંગીતમય ભજનો દ્વારા ઇશ્વરને સરળતાપૂર્વક પ્રાપ્ત કરી શકાય છે. ઉપાસના- પદ્ધતિઓથી માંડીને કર્મકાંડ સુધીમાં સર્વત્ર 'સ્વર' સંયોજન અનિવાર્ય રહ્યું છે. મંત્ર પણ ખરેખર છંદ જ છે. વેદોની દરેક રુચાના કોઈ ઋષિ, કોઈ દેવતા તો જ છે. મંત્રના ઉચ્ચારણનાં તાલ, લય અને ગતિઓ પર નિર્ધારિત છે. અમુક ગતિ, લય અને તાલના ઉચ્ચારણથી જ મંત્ર સિદ્ધ થશે. આ એનું વિજ્ઞાન છે. ૐ કારનો ધ્વનિ 'પ્રણવ' પણ એ જ દિવ્ય સંગીતને કહે છે. એટલે શાસ્ત્રોમાં સ્થાન. સ્થાન પર પ્રણવની મહત્તા ગાવામાં આવી છે. ગીતામાં 'प्रणव: सर्ववेदेषु'(ગીતા૭.૮) મહાભારતમાં પણ ૐ कार सर्ववेदानाम ' (અશ્વમેધ પર્વ ૪૬.૬) કહેલ છે.ઓમકારનું ગાન અને ઉદગીથ સમાનાર્થક છે. સામવેદમાં ભગવાનની સંગીતશક્તિના એવા રહસ્ય પ્રતિપાદિત કરેલા છે. જેનું અવગાહન કરીને મનુષ્ય પોતાની આત્મિક શક્તિઓને પ્રતિપાદીત કરી શકે છે. "સંગીત આત્માની ઉન્નતિનો સૌથી સારો ઉપાય છે. એટલે હંમેશા વાદ્યયંત્રથી સાથે ગાવું જોઈએ." એવી પાઈથાગોરસની માન્યતા હતી.

અકબરના દરબારમાં સંગીત હરીફાઈ રાખવામાં આવી. તાનસેન અને બૈજુ બાવરા મુખ્ય હરીફ હતા. આ આયોજન આગ્રાની પાસે વનમાં કર્યું. તાનસેને 'ટોડી' રાગ ગાયો રાગની સ્વરલહેરીઓ જેવી વનખંડમાં ગુંજિત થઇ, હરણાનું ટોળું ત્યાં દોડતું આવ્યું. તાનસેન એવા ભાવવિભોર થયાં કે, પોતાના ગળામાં પડેલી માળા એક હરણનાં ગળામાં નાખી દીધી. ટોડી રાગ ગાઈને તાનસેને સિદ્ધ કર્યું કે સંગીત મનુષ્યોની જ નહિ, પ્રાણી માત્રની આત્મિક તરસ છે.

એ પછી બૈજુ બાવરાએ 'મૃગરંજની ટોડી' રાગનો આલાપ કર્યો. ત્યારે કેવળ એ મૃગ દોડતું રાજ્યસભામાં આવી ગયું, જેને તાનસેને માળા પહેરાવી હતી. આથી બૈજુ બાવરાએ સિદ્ધ કર્યું કે શબ્દના સૂક્ષ્મતમ કંપનોમાં એવી શક્તિ અને સંમોહન ભરેલું છે કે કોઈ પણ દિશામાં કેટલેય દૂર કોઈ પણ પ્રાણી સુધી પોતાનો સંદેશ મોકલી શકાય છે. 'શંકરા રાગ' દ્વારા યુદ્ધ માટે પ્રસ્થાન કરવાવાળા સૈનિકોમાં અપાર શૌર્ય ભરી દેવામાં આદિકાળથી ઉપયોગ થતો રહ્યો છે. વર્ષા માટે 'મેઘ-મલ્હાર' રાગ ગવાતો હતો.

સંગીત એક પ્રકારની યોગ સાધના છે. સ્વામી વિવેકાનંદે ૐ શબ્દને સમસ્ત નામ તથા રૂપાંતરોની એક જનની (મધર ઓફ નેમ્સ એન્ડ ફાર્મસ) કહી છે. ભારતીય વિદુષિઓ અને પ્રણવધ્વનિ, ઉદગીથ સ્ફોટ, અનાહત, બ્રહ્મનાદ વગેરે અનેક નામોથી ઓળખે છે.

શિવ પુરાણમાં ઉમા સંહિતા ખંડના ૨૬માં અધ્યાયમાં અનાહતનાદ સંબંધી વિશેષ વિવરણ અને મહાત્મ્ય મળે છે. ભગવાન શિવ-પાર્વતીને કહે છે. "અનાહતનાદ કાળજયી છે. એની સાધના કરનારો ઈચ્છાનુસાર મૃત્યુને જીતી લે છે. હઠયોગમાં પણ નાદ સાધનાનું પ્રતિપાદના કર્યું છે. અહીં એને શ્રેષ્ઠ- સાધના માનવામાં આવે છે. એ નાદયોગ વિવેચના જ રહેલી છે. કબીરે કહ્યું છે, "તત્વ ઝંકાર બ્રહ્માંડમાહી' અ શબ્દરાશિનું નામ અનાહતનાદ છે. શિવ અને શક્તિમનો સંયોગ અને પારસ્પરિક સંબંધ જ 'નાદ' કહેવાય છે. એને અવ્યક્ત ધ્વનિ અને અચળ અક્ષર માત્ર પણ કહેવામાં આવે છે. પુનઃ કબીરના શબ્દોમાં 'જોગ જગા અનહદ ધુનિ સુનિકે' જયારે અનાહતનાદ સંભળાવા લાગ્યો, ત્યારે એનો અર્થ એ છે કે યોગીનો ધીમે ધ્વનિકંપન નાભિપ્રદેશમાંથી નીકળીને બ્રહ્મરંધ્રમાં લાવવામાં આવે છે. અહીં તાલુમાં એને પકડીને મનોમય વીદ્યુતનો સંયોગ બંને જ સમાન ઉત્પાદક શક્તિઓ છે, એ બંનેનો પ્રકૃતિ (જડતત્વ) અને જીવન (ચેતન તત્વ) બંને પર ચમત્કારિક પ્રભાવ પડે છે.

➢ **સંગીત વિશ્વનો – પ્રાણ છે.**

જો સંગીતનું અસ્તિત્વ મટી જાય, તો દુનિયા ખૂબ જ નીરસ, રુક્ષ અને કર્કશ જણાવા લાગશે. વૈજ્ઞાનિક શોધોથી એ ખબર પડી છે કે શૂન્ય સૃષ્ટિની નિરાકાર સ્થિતિ જ્યાં છે, ત્યાંથી એક પ્રકારનો શબ્દ ઉત્પન્ન થાય છે. એ શબ્દ એવો છે. જેમ કે થાળીમાં એક હલકો આઘાત કરવામાં આવે તો તે બહુ લાંબા સમય સુધી ઝણઝણાતી રહે છે. એવી ઝંકૃતિઓ પાણીની લહેરોની જેમ વારંવાર અદ્રશ્ય અંતરાળમાંથી ઊઠે છે. નિત્ય, ઈશ્વર સત્તાનું નામકરણ કરવા માટે પણ ઋષિઓને એના ગુણનો સહારો લેવો પડયો. ઘંટ પર પ્રહાર કર્યા બાદ જે ખૂબ લાંબા સમય સુધી ઝંકૃતિ થાય છે. એ ઝંકૃતિનું ઉચ્ચારણ લગભગ ૐ જેવું હોય છે. સૃષ્ટિસંચાલક શબ્દ પણ ૐ અક્ષરનું પ્રાચીનકાલીન રૂપ સ્વસ્તિક હતું. હવે એની બનાવટમાં સુધારો થવાને કારણે ૐ લખાય છે.

https://www.gapbhasha.org/

ભૌતિક સૃષ્ટિનો બધો ખેલ સંગીતના શક્તિશાળી ઝણકારના આધાર પર ચાલે છે. ચૈતન્ય સૃષ્ટિની સાકારતા પણ સંગીતના આધાર પર છે. મસ્તિષ્કના વિદ્યુત કોશોમાંથી દર સેકંડે લગભગ ૩૦ કે ૩૧ વિચાર તરંગો નીકળે છે. એક સેકન્ડમાં લગભગ સોળ ચિત્રો આંખો આગળથી પસાર થાય છે. મસ્તિષ્કમાંથી પણ પ્રતિસેકંડ લગભગ ૩૦-૩૧ પ્રકારના તરંગો નીકળતા હોય છે.એના સંમિલનથી જે એક ખૂબ મોટો સમૂહ બને છે. એને 'વિચાર' કહે છે.

યોગી લોકો જાણે છે કે શરીરનો સૂક્ષ્મ ઢાંચો સિતારના ઢાંચાથી બિલકુલ મળતો આવે છે. સદવિત્તના – સરસ્વતીનું પ્રાકટ્ય સિતારની આકૃતિના બનેલ સૂક્ષ્મશરીર દ્વારા થાય છે. મેરૂદંડમાં ઈડા, પિંગલા અને સુષુમ્ણાનાં તાર લાગેલ હોય છે. સ્વામી કૃપાલ્વાનંદજી 'ધ્યાન- વિજ્ઞાનમાં' લખે છે કે 'ભારતીય નૃત્ય અને ભારતીય સંગીત યોગની અમર અનુભૂતિઓ છે. આર્ય સંસ્કૃતિનો આત્મા છે." (૮૬) ઘેરંડસંહિતામાં ઉપદેશ્યું છે:

"જયારે શરીરસ્થ વાયુ બંને નાસાપુટો દ્વારા બહાર નીકળે છે. ત્યારે 'हं' જેવો ધ્વનિ થાય છે અને જયારે વાતાવરણસ્થવાયુ બંને નાસાપુટો દ્વારા શરીરમાં પ્રવેશે છે. ત્યારે 'स' : ધ્વનિ થાય છે. આ પ્રમાણે રાત્રી દિવસમાં કુલ ૨૧,૬૦૦ વાર ' हंस'ધ્વનિ થાય છે આને અજપા નામ ગાયત્રી કહેવામાં આવે છે. આજ્ઞાચક્રથી માંડીને મૂળાધાર સુધીના ૬ ચક્રો એના વાદ્ય સ્થાન છે. એમાં લં, બં, રં, ષં, હં અને ૐ નાં ધ્વનિઓ પ્રતિ ધ્વનિત થતા રહે છે. હવે સ્થૂળ જગતમાં સા, રે, ગ, મ, પ, ધ, ની એ સ્વર જયારે વાદ્યયંત્રથી ધ્વનિઓ કાઢે છે. અને શરીરસ્થ ધ્વનિઓ સાથે અથડાય છે. ત્યારે એના પ્રવાહથી શારીરિક અને માનસિક જગતના સૂક્ષ્મ ઘટક ગતિશીલ થાય છે. તદાનુસાર વિભિન્ન પ્રકારની યોગ્યતા, રુચીઓ, ઈચ્છાઓ, ચેષ્ટાઓ, નિષ્ઠાઓ, ભાવનાઓ, કલ્પનાઓ, ઉત્કંઠાઓ, શ્રદ્ધાઓ વગેરેનો આવિર્ભાવ થાય છે. સંગીતનો પ્રયોગ ફેફસા, ગળું, કંઠ, તાળવું, જડબું અને આમાશયનો સારો વ્યાયામ છે. રક્તસંચાર, ક્ષય, વગેરેનો ભય નથી રહેતો. નિરાશા, ઉદાસી, ચિંતા વગેરેનો ભયાનક કુપ્રભાવોથી સહજ જ બચાવ થઈ જાય છે.

➢ **નાદબ્રહ્મ 'ૐ' શબ્દની પ્રચંડ શક્તિ**

સૃષ્ટિથી પહેલા અહીં કશું ના હતું. શૂન્યમાંથી બધું પેદા થવાનું પ્રથમ ચરણ શબ્દબ્રહ્મ હતું. તેને જ નાદબ્રહ્મ કહે છે. સૃષ્ટિથી પહેલા આકાશ જ હતું. આકાશમાં ઊર્જા રૂપમાં હિલચાલો પેદા થઇ. પદાર્થથી પંચતત્વ અને પંચપ્રાણ બન્યો. શબ્દનો આરંભ જે રૂપમાં થયો. એ જ સ્થિતિમાં તે અનંતકાળ સુધી બની રહેશે. આરંભિક શબ્દ 'ૐ' માનવામાં આવે છે. 'ઓ,ઉ, મ' એ ત્રણેયનું સંક્ષિપ્ત સ્વરૂપ મોનોગ્રામ ૐ ના રૂપમાં લખાય છે. એ જ રીતે સ્વરૂપ છે. ૐકાર સાધના નાદયોગની ઉચ્ચસ્તરીય સાધના છે.

**'ओमित्येतदक्षरमिदं सर्वं तस्योपव्याख्यानं भूतं'**

- માંડુકયોપનિષદ- ૧

'ૐ' આ અક્ષર જ પૂર્ણ અવિનાશી પરમાત્મા છે. ગણિતજ્ઞ, દાર્શનિક પાઈથાગોરસે એને સૃષ્ટિનું સંગીત (મ્યુજિક ઓફ ધી સ્ફીયર્સ) કહ્યું છે. વ્યષ્ટિ (માઈક્રોકાજમ) ને સમષ્ટિ (મેક્રોકાજમ) થી જોડવાથી નાદ સાધના અતિ ઉપયોગી સિદ્ધ થાય છે. ધીમે અંતર્જગતમાં પ્રવેશ થવા લાગ્યો. આપણું અંતઃકરણ એક રેડિયો છે. જેની તરફ જો અભિમુખ થવાય. પોતાની વૃતિઓને અંતર્મુખી બનાવીને આત્મામાં પ્રસ્ફુટિત થતી દિવ્ય વિચાર લહેરીઓને સાંભળી શકાય, ત્યારે ઈશ્વરની વાણી આપણને પ્રત્યક્ષમાં સંભળાઈ શકે છે. એને જ આકાશવાણી કહે છે.

માનવશરીરમાં શ્વાસ-પ્રશ્વાસનો ખેલ પ્રાણ કરે છે. તાંત્રિક ભાષામાં એને હંસ કહે છે. 'હં' શિવ કે પુરુષ- તત્વનો અને 'સ' શક્તિ કે પ્રકૃતિ- તત્વનો પર્યાય છે. જ્યાં એ બંનેનું મિલન થાય છે. ત્યાં જ નાદની અનુભૂતિ થાય છે. એટલે શિવ-શક્તિમાં કહેવાયું છે-

**न नादसद्दशो लय : |**

અર્થાત્ – મનને લય કરવાવાળા સાધનોમાં નાદની તુલના કરવાવાળું બીજું કોઈ સાધન નથી.

યોગતત્વ ઉપનીષદમાં દર્શાવેલી ચાર અવસ્થાઓ ચાર નાદ ભુમીઓ- આરંભ, ઘટ, પરિચય અને નિષ્પતિ- નો ઉલ્લેખ છે.

જે કોઈ પ્રેરણા અથવા આઘાતથી ઉત્પન્ન થાય છે. વાણીના આકાશતત્વથી ટકરાવા કોઈ બે વસ્તુઓના અથડાવાથી ઉત્પન્ન થતા શબ્દ 'આહત' કહેવાય. કોઈ આઘાત વગર દિવ્ય પ્રકૃતિના અંતરાળમાંથી જે ધ્વનિઓ પેદા થાય છે. એને 'અનાહત' કે 'અનહદ' કહે છે. 'સંગીત રત્નાકરમાં નાદબ્રહ્મની ગરિમા પર પ્રકાશ પડતા કહેવામાં આવ્યું છે.- પ્રાણનું નામ 'ના' છે અને

https://www.gapbhasha.org/

અગ્નિને 'દ' કે છે. અગ્નિ અને પ્રાણના સંયોગથી જે ધ્વનિ પેદા થાય છે. એને નાદ કહે છે.

દીપકરણ, મેઘરાગ જેવા સ્વર બ્રહ્મના સાધારણ સ્થૂળ પ્રકૃતિથી સંબંધિત ચમત્કાર છે. સૂક્ષ્મપ્રકૃતિને તરંગિત અને ઉત્તેજિત કરવામાં એની ધારાઓ બદલવામાં પણ સંગીતનો પ્રભાવ ઓછો દ્રષ્ટી ગોચર થશે નહી. બ્રહ્માંડનાં અંતરાળમાં નાદબ્રહ્મનું ગુંજન સંવ્યાપ્ત છે. એના પ્રતિધ્વનિથી પિંડની અંતઃસ્થિતિ પણ ગૂંજતી રહે છે. પ્રસિદ્ધ તાનસેન 'દીપકરણ' ગાઈને ઓલાવાયેલ દિપક સળગાવતા હતા અને 'મેઘરાગ' ગાઈને વિખરાયેલા વાદળોને ઘટા બનાવીને વરસાવતા હતા,એ વિદ્યા એમણે સ્વામી હરિદાસના ચરણોમાં બેસીને યોગ સાધના રૂપમાં શીખી હતી. પ્રાણાયામના ઉચ્ચસ્તરીય અભ્યાસે એમને શબ્દબ્રહ્મના જાણકાર બનાવ્યા હતા  શાસ્ત્રોમાં ચોસઠ અનાહત અત્યાર સુધી ગણી શકાયા છે. પરંતુ એને સાંભળવું સૌ કોઈ માટે સંભવ નથી. જેની આત્મિક શક્તિ જેટલી ઊંચી હશે, તે જ સૂક્ષ્મ શબ્દો સંભળાશે.

➢ **નાદયોગ અને સંગીતનું સુવ્યવસ્થિત સામર્થ્ય**

ભારત સંગીતનું ઉત્પતિ કેન્દ્ર છે. અહીંના અધિકાંશ દેવી-દેવતાઓ સંગીત સાધનોથી સુસજ્જિત છે. દેવી-દેવતાઓની અભ્યર્થનામાં સકીર્તન જેવા આયોજનોની વ્યવસ્થા ખૂણે-ખૂણામાં થાય છે. આ કાર્ય ભારતની સાંસ્કૃતિક પરંપરાને અનુરૂપ છે. અને વ્યવહારમાં સરળ પણ છે. અથર્વવેદ આયુરવિજ્ઞાનનો મુખ્ય ગ્રંથ છે. એની બધી જ સંરચના છંદવિદ્યાને અનુરૂપ છે. એનું ઉચ્ચારણ જો સામવેદીય પરંપરા અનુરૂપ ગાયનક્રમથી થાય તો એનો અસાધારણ લાભ મળી શકે છે. મંત્રોનો પાઠ, જપ પરંપરા જ નહીં, એનું વિધિવત ગાયન પણ થાય છે. એ સાથે વાદનનો પણ સંયોગ રહે છે.

સંગીતના તરંગોને ઓસિલોસ્કોપના માધ્યમથી જોઈ અને પારખી શકાય છે. અને વિભિન્ન સ્વર લહેરીઓની પિચ, ઍટીલટ્યૂડ તથા વેવલેગ્થને માપી શકાય છે. શોર સંગીત ધ્વનિ- તરંગોના સ્વરૂપના અંતરના માધ્યમથી કે એ દર્શાવાય છે. શબ્દશક્તિના વિકૃત રૂપથી જુદા- જુદા પ્રભાવ થાય છે.

શાંતિકુંજ દ્વારા સંગીત પ્રવાહોના કઈંક એવા ટેપ આવિષ્કૃત કર્યા છે. જે વિભિન્ન પ્રયોજનો માટે વિભિન્ન પ્રકારની ભૂમિકાઓ નિભાવે છે. વનસ્પતિઓને ખૂબ વધારવા અને ફળવા- ફૂલવામાં યોગદાન આપવા આપવાવાળા એક પ્રકારના સંગીત ટેપ છે. શાંતિકુંજની સંગીત શોધ- પ્રક્રિયામાં વિભિન્ન ભાવ સંવેદનાઓની સાથે ગોવાતા ગીત વાદ્યનો કેવો પ્રભાવ ચેતનાજગત અને જડજગત પર થાય છે. સામૂહિક દિવ્ય સંકીર્તન, સંગીત અને મંત્રોચ્ચાર પોતાના વાતાવરણમાં તો ઉત્કૃષ્ટતા પેદા કરે જ છે. વિશ્વવ્યાપી વાતાવરણ પર એનો ઉપીયોગી પ્રભાવ પડે છે. બેંગલોરમાં 'પવાની' નામની એક સંસ્થા છે. જે સંગીતના મનુષ્યો પર મનોવૈજ્ઞાનિક તથા જૈવવૈજ્ઞાનિક રૂપે મડવાવાળા પ્રભાવો પર અનુસંધાન કરી રહી છે. સંગીતના માધ્યમથી ચયાપચય, બાયોરિધમ અને ન્યૂરોકેમિકલ્સમાં સંગીત મહત્વપૂર્ણ પરિવર્તન લાવે છે. જ્યારે મૃદુ ધ્વનિઓના પ્રભાવથી મસ્તિષ્ક શાંતિમય સ્થિતિમાં પહોંચે છે, તો રક્ત શર્કરાનું સ્તર ઓછું થઈ જાય છે.

માર્ટિન લ્યૂથરનું એક કથન પણ પ્રખ્યાત છે કે "સંગીત મનુષ્ય જાતિને ભગવાન દ્વારા આપેલ સૌથી મોટું સંરક્ષણ હોઈ શકે છે."

(પં. શ્રીરામ શર્મા આચાર્ય -૨૦૧૩)

સંગીત મનુષ્ય જાતિને ભગવાન દ્વારા આપેલ સૌથી ભવ્ય વરદાનોમાંથી એક છે. પ્રેરણા અને ક્ષમતા ભાવજગતમાંથી જ પ્રાપ્ત થાય છે. ભાવનાઓને મર્મસ્થળ સુધી પહોંચાડવા માટે સંગીતથી ચઢિયાતું બીજું કોઈ માધ્યમ નથી.

## નિષ્કર્ષ

**ब्रह्मप्रणवसंधानं नादो ज्योतिर्मय: शिव: ।**
**स्वयमाविर्भ – वेदात्मा मद्यापायेड्शुमानिता ॥**

**(નાદબિંદુપનિષદ – ૩૦)**

અર્થાત ! આત્મા અને બ્રહ્મની એકતાનું જ્યારે ચિંતન કરીએ છીએ, ત્યારે કલ્યાણકારી જ્યોતિ સ્વરૂપ પરમાત્માનો નાદરૂપમાં સાક્ષાત્કાર થાય છે.

➢ શબ્દબ્રહ્મ અને નાદબ્રહ્મ આ બંને જ ભગવાનના (પરબ્રહ્મ) સ્વરૂપો છે.

➢ શબ્દબ્રહ્મ અને નાદબ્રહ્મની વિદ્યા ભારતીય અધ્યાત્મની એક મહત્વની ધારા છે. પોતાની પ્રાર્થના- આર્તનાદ

https://www.gapbhasha.org/

મંત્રશક્તિના માધ્યમ પરમાત્મા સુધી પહોંચાડવાની વિદ્યા છે.

➢ સંગીતના સૃજનાત્મક સામર્થ્યના ઉપયોગ દ્વારા શબ્દશક્તિની પ્રભાવોત્પાદકતાથી ઘણા બધા કાર્ય સ્થૂળ અને સૂક્ષ્મ જગતમાં સંપન્ન થઈ શકે છે.

➢ પરા, પશ્યન્તિ અને મધ્યમાંમાં ત્રણેય વાણીઓ જ્યારે વાકશક્તિના રૂપમાં જ્યારે સાધના સંપન્ન થઈને વાક બને છે. તો તેનો વિસ્તાર શ્રવણક્ષેત્ર સુધી સીમિત ન રહેતા ત્રણેય લોકોની પરિધિ સુધી ફેલાઈ જાય છે.

➢ શિવ સંહિતામાં કહેવામાં આવ્યું છે-

**न नादसदृशो लयः |**

અર્થાત્ – મનને લય કરવાવાળા સાધનોમાં નાદની તુલના કરવાવાળું બીજું અન્ય કોઈ સાધન નથી.

## સંદર્ભ સાહિત્ય

[1] પં રામશર્મા આચાર્ય (૨૦૧૩, શબ્દબ્રહ્મ, નાદબ્રહ્મ, અખંડ જ્યોતિ સંસ્થાન, મથુરા)

[2] યોગાચાર્ય સ્વામી શ્રી કૃપાલવાનંદજી (૨૦૧૪) આસન અને મુદ્રા કૃપાલુ મુનિમંડલ, મલાવ

[3] योगाचार्य स्वामी कृपालवानंदजी (१६७१)हठयोग प्रदीपिका श्री कृपालु मुनिमंडल आश्रम, प्रांसली

[4] યોગાચાર્ય સ્વામી શ્રી કૃપાલવાનંદજી (૧૯૭૦) આસન અને મુદ્રા કૃપાલુ મુનિમંડલ, મલાવ

[5] સ્વામી રાજર્ષિ મુનિ (૨૦૧૬), અષ્ટાંગયોગ દર્શિકાષષ્ઠમ, લાઈફ મિશન, વડોદરા.

[6] મહાભારત, અશ્વમેધ પર્વ, ૪૪/૬

[7] શિવ પુરાણ, ઉમા સંહિતા, ખંડ, ૨૬ અધ્યાય

[8] માંડૂકયોપનિષદ -૧

[9] નાદબિંદુપનિષદ – ૩૦

https://www.gapbhasha.org/